ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આસપાસ ચોપાસ

વઘાસીમાં મંદિરોની આસ્થાની અખંડ જ્યોત, ધાર્મિકપરંપરાઓથીગામમાંભક્તિમયમાહોલ



વઘાસી


વઘાસી ગામના શ્રદ્ધાળુઓની ધાર્મિક આસ્થા અને વર્ષો જૂની પરંપરાઓ પણ ગામની આગવી ઓળખ સમાન છે. ગામમાં આવેલાં પ્રાચીન અને ભવ્ય મંદિરો ગ્રામજનોની શ્રદ્ધાનાં કેન્દ્રો બન્યાં છે. વિવિધ સમાજના લોકો ધાર્મિક પ્રસંગોએ એકત્રિત થઈ ભક્તિભાવ સાથે ઉજવણી કરે છે, જેના કારણે ગામમાં વર્ષભર ધાર્મિક અને આધ્યાત્મિક માહોલ જોવા મળે છે.



ગામતળમાં આવેલું શ્રી ભૂતનાથ મહાદેવ મંદિર ગ્રામજનોની અખંડ આસ્થાનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે. અહીં દરરોજ ભગવાન શિવની આરતી, પૂજન અને દર્શન માટે ભાવિકો ઉમટે છે. ખાસ કરીને મહાશિવરાત્રીના પાવન પર્વે ભક્તો દ્વારા વિશેષ પૂજા-અર્ચના અને ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવે છે. શિવભક્તો માટે આ મંદિર શ્રદ્ધા અને આધ્યાત્મિક શાંતિનું સ્થાન ધરાવે છે.



ગામના હાઇવે માર્ગ પર આવેલું શ્રી સંકટમોચન હનુમાનજી મંદિર પણ વિશેષ ધાર્મિક મહત્ત્વ ધરાવે છે. આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને મુસાફરો અહીં રોકાઈ હનુમાનજીનાં દર્શન કરી શીશ નમાવી આગળ વધે છે. આ ઉપરાંત ગામમાં શ્રી અંબાજી મંદિર, ભાથીજી મહારાજનું મંદિર, શ્રી બહુચરાજી મંદિર અને સ્વામિનારાયણ મંદિર સહિતનાં અન્ય ધાર્મિક સ્થાનો પણ આવેલાં છે.



વઘાસીમાં જન્માષ્ટમી, રામનવમી, મહાશિવરાત્રી, નવરાત્રી અને હનુમાન જયંતી જેવા પર્વોની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવે છે. મહાબીજ સહિતના ધાર્મિક પ્રસંગોએ પણ ભાવિકો ભક્તિભાવ સાથે જોડાય છે. વિવિધ મંદિરોના પાટોત્સવ નિમિત્તે વિશેષ પૂજા-અર્ચના, આરતી, ભજન-કીર્તન અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થાય છે.વઘાસીનાં મંદિરો માત્ર પૂજા-અર્ચનાનાં સ્થળો નથી, પરંતુ સામાજિક એકતા, સંસ્કાર અને પેઢી દર પેઢી ચાલી આવતી ધાર્મિક પરંપરાઓનું જીવંત પ્રતીક છે. આધુનિકતાની સાથે પોતાની શ્રદ્ધા અને સંસ્કૃતિને જાળવી રાખતું વઘાસી ગામ ધાર્મિક વારસાની આગવી ઓળખ ધરાવે છે.





(તસ્વીર અને માહિતી સંકલન : રિતેશ દવે)

શિક્ષણ ક્ષેત્રે વઘાસીની હરણફાળ, પ્રાથમિકથી માધ્યમિક સુધી ગામમાં જ અભ્યાસની સુવિધા

ગામમાં જ પ્રાથમિકથી માધ્યમિક કક્ષા સુધી અભ્યાસની સુવિધાઓ ઉપલબ્ધ બની છે. શિક્ષણને વિકાસનો પાયો માનીને ગામમાં શૈક્ષણિક માળખું ઊભું કરવામાં આવ્યું છે, જે ગ્રામ્ય વિસ્તારના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે મહત્ત્વપૂર્ણ બની રહ્યું છે.

બે સરકારી પ્રાથમિક શાળાઓમાં પાયાના શિક્ષણની વ્યવસ્થા : ગામમાં બે સરકારી પ્રાથમિક શાળાઓ કાર્યરત છે. મુખ્ય પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી ૮ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. શાળામાં આશરે ૧૪ સુસજ્જ વર્ગખંડો ઉપરાંત આધુનિક શિક્ષણ પદ્ધતિને પ્રોત્સાહન આપવા સ્માર્ટ ક્લાસની સુવિધા ઊભી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓની સ્વચ્છતા અને સુવિધાને ધ્યાનમાં રાખીને કન્યાઓ તથા કુમારો માટે અલગ શૌચાલયો ઉપલબ્ધ છે. આ ઉપરાંત બાળકોને પૌષ્ટિક ભોજન મળી રહે તે માટે મધ્યાહ્ન ભોજન યોજનાનો પણ અમલ કરવામાં આવે છે.

શ્રી સી.કે. પટેલ વિદ્યાલયથી માધ્યમિક શિક્ષણની સુવિધા : પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓને માધ્યમિક અભ્યાસ માટે ગામ બહાર જવું ન પડે તે માટે શ્રી સી.કે. પટેલ વિદ્યાલય કાર્યરત છે. ગ્રાન્ટ-ઇન-એઇડ પ્રકારની આ શાળામાં ધોરણ ૯ અને ૧૦નું





શિક્ષણ આપવામાં આવે છે. આ વ્યવસ્થાથી ગામના તેમજ આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ મેળવવામાં સરળતા રહે છે.

ચાર આંગણવાડી કેન્દ્રોથી બાળવિકાસને પ્રોત્સાહન : ગામમાં નાના બાળકો અને ધાત્રી માતાઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ચાર આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. અહીં બાળકોના પ્રારંભિક શિક્ષણ, પોષણ અને સર્વાંગી વિકાસની સાથે માતાઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે. ઉચ્ચતર માધ્યમિક, આઈ.ટી.આઈ. અને કોલેજ કક્ષાના અભ્યાસ માટે આણંદ શહેર માત્ર ચાર કિલોમીટર દૂર હોવાથી વિદ્યાર્થીઓને આગળના અભ્યાસ માટે પણ સરળતા રહે છે. આમ, શૈક્ષણિક માળખું, આધુનિક સુવિધાઓ અને વિદ્યાર્થીઓની સિદ્ધિઓના સમન્વયથી વઘાસી ગામ શિક્ષણ ક્ષેત્રે પ્રગતિની નવી દિશા કંડારી રહ્યું છે.

શિષ્યવૃત્તિ પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની સિદ્ધિ : શૈક્ષણિક પ્રગતિનું મહત્ત્વનું પાસું વિદ્યાર્થીઓની પ્રતિભા અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મળતી સફળતા છે. વઘાસીની શાળાઓના વિદ્યાર્થીઓ જ્ઞાનસાધના અને નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશિપ (NMMS) જેવી શિષ્યવૃત્તિ પરીક્ષાઓમાં નિયમિત ભાગ લઈ સફળતા મેળવી રહ્યા છે. પરિણામે લાયક વિદ્યાર્થીઓને સરકારી શિષ્યવૃત્તિનો લાભ મળી રહ્યો છે અને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન મળી રહ્યું છે.

ખેતીનીસમૃદ્ધિસાથેઆધુનિકસુવિધાઓથીસજ્જગામ

ગામ ખેતીવાડીની સમૃદ્ધિ અને સુવ્યવસ્થિત નાગરિક સુવિધાઓના કારણે આગવી ઓળખ ધરાવે છે. વર્ષ ૧૯૬૩માં ગામમાં ગ્રામ પંચાયતની સ્થાપના થતાં લોકશાહી ઢબે સ્થાનિક સ્વરાજ્યની વ્યવસ્થા શરૂ થઈ હતી. ત્યારથી સમયાંતરે ગામમાં પાયાની સુવિધાઓનું વિસ્તરણ થતાં આજે વઘાસી આધુનિક ગ્રામ્ય માળખા તરફ આગળ વધ્યું છે. વઘાસી ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૫૯૧ હેક્ટરથી વધુ છે. તેમાંથી ૪૬૧ હેક્ટરથી વધુ વિસ્તાર ચોખ્ખી ખેતી અને સિંચાઈ હેઠળ આવરી લેવાયો છે. કેનાલ અને ટ્યુબવેલ આધારિત સિંચાઈ વ્યવસ્થાના કારણે ખેડૂતોને ખેતી માટે પાણીની સુવિધા ઉપલબ્ધ થાય છે.પરિણામે અહીંના ખેડૂતો મુખ્યત્વે બારમાસી ખેતી સાથે સંકળાયેલા રહી આર્થિક સમૃદ્ધિમાં યોગદાન આપી રહ્યા છે. ખેતીલાયક જમીનનું મોટું પ્રમાણ ગામની ગ્રામ્ય અર્થવ્યવસ્થાનો મજબૂત આધાર છે. ગામમાં નાગરિક સુવિધાઓના ક્ષેત્રે પીવાના પાણીની વ્યવસ્થાને મહત્ત્વ આપવામાં આવ્યું છે. ૨,૩૦૦થી વધુ ઘરોમાં નળ કનેક્શન મારફતે પાણી પહોંચાડવામાં આવે છે. આ માટે ગામમાં આશરે પાંચ ઓવરહેડ પાણીની ટાંકીઓ ઉપરાંત હેન્ડપંપની સુવિધા પણ ઉપલબ્ધ છે. બીજી તરફ, અંદાજે ૨,૧૦૦ ઘરો પાકી બંધ ગટરલાઇન સાથે જોડાયેલાં છે. ઘરેઘરે શૌચાલયની સુવિધા, નિયમિત કચરા એકત્રિત કરવાની કામગીરી અને નિર્ધારિત ડમ્પિંગ સાઇટની વ્યવસ્થાથી સ્વચ્છતા જાળવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ગામમાં ૨૪ કલાક થ્રી-ફેઝ વીજ પુરવઠાની સુવિધા ઉપલબ્ધ છે. મુખ્ય માર્ગો પર સ્ટ્રીટલાઇટની વ્યવસ્થા હોવાથી રાત્રિના સમયે પણ અવરજવર સરળ બને છે. રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગોની નિકટતા વઘાસી માટે વિકાસની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. આણંદ શહેર નજીક હોવાની સાથે વડોદરા અને અમદાવાદ તરફ પણ વાહનવ્યવહારની સુગમતા મળે છે. ખેતીની સમૃદ્ધિ, સિંચાઈની સુવિધા, પીવાનું પાણી, ગટર વ્યવસ્થા અને પરિવહનના મજબૂત માળખાના સહારે વઘાસી ગામ પરંપરાગત ગ્રામ્ય જીવનશૈલી જાળવી આધુનિક સુવિધાઓ સાથે વિકાસની નવી કેડી કંડારી રહ્યું છે.



ગ્રામ પંચાયત ટીમ

સરપંચ પરમાર સંજયભાઈ રમેશભાઈ, ડે. સરપંચ પરમાર કોકીલાબેન સુનિલકુમાર જવાબદારી સંભાળે છે. અને સભ્યો તરીકે પરમાર ભાવનાબેન મનુભાઈ, સોલંકી કૈલાસબેન ધનજીભાઈ, તડવી સુનિલભાઈ રાજુભાઈ, રોહિત શૈલેષકુમાર નરસિંહભાઈ, પ્રજાપતિ તરૂણાબેન કનુભાઈ, સોઢા પરમાર જુગતસિંહ જેસંગભાઈ, પરમાર સુરેખાબેન મનહરભાઈ, ચાવડા રાધિકાબેન અક્ષયકુમાર, પટેલ દિલીપભાઈ વાલજીભાઈ.

શ્વેતક્રાંતિની ધરોહર ગામમાં છ દાયકાથી જીવંત, પશુપાલન આર્થિક સમૃદ્ધિનું મહત્વનું માધ્યમ



વઘાસી ગામ ખેતીવાડીની સાથે પશુપાલન ક્ષેત્રે પણ આગવી ઓળખ ધરાવે છે. શ્વેતક્રાંતિની ધરોહર સમાન આણંદ જિલ્લાના ગ્રામ્ય અર્થતંત્રમાં દૂધ ઉત્પાદનનું મહત્ત્વનું સ્થાન છે, ત્યારે વઘાસીમાં પણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી અને મિલ્ક ચિલિંગ સેન્ટર કાર્યરત હોવાથી પશુપાલન વ્યવસાયને સંગઠિત માળખું મળ્યું છે. ગામમાં ૧,૪૦૦થી વધુ પશુધન નોંધાયેલું છે. પશુપાલકો માટે દૂધ ઉત્પાદન રોજગારી અને આવકનું મહત્ત્વપૂર્ણ સાધન બન્યું છે. દૂધ ઉત્પાદક સહકારી મંડળી મારફતે દૂધ એકત્રિત કરવાની વ્યવસ્થાથી પશુપાલકોને પોતાના ઉત્પાદનના વેચાણ માટે સુવિધા મળે છે. મિલ્ક ચિલિંગ સેન્ટરની ઉપલબ્ધતા દૂધની ગુણવત્તા જાળવવામાં પણ ઉપયોગી બને છે. પશુધનની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે ગામમાં વેટરનરી ડોક્ટર અને લાઇવ સ્ટોક ઇન્સ્પેક્ટરની સેવાઓ ઉપલબ્ધ છે. પશુઓની સારવાર, રોગચાળા સામે રક્ષણ અને પશુપાલન સંબંધિત માર્ગદર્શન આપવામાં આવે છે. આ ઉપરાંત અમૂલ પ્રેરિત યોજનાઓ સહિત વિવિધ સરકારી સહાય યોજનાઓનો લાભ પશુપાલકો સુધી પહોંચાડવા દૂધ ઉત્પાદક સહકારી મંડળીનું વ્યવસ્થાપક માળખું કાર્યરત રહે છે. આમ, સહકારી પ્રવૃત્તિ, પશુ આરોગ્ય સેવાઓ અને સરકારી યોજનાઓના સમન્વયથી વઘાસીમાં પશુપાલન ગ્રામ્ય પરિવારોની આર્થિક સમૃદ્ધિનું મજબૂત માધ્યમ બની રહ્યું છે.

વઘાસીમાં આયુષ્માન આરોગ્ય મંદિરથી ગ્રામજનોને પ્રાથમિક સારવારનો લાભ

વઘાસી ગામે જાહેર આરોગ્ય ક્ષેત્રે પણ સુવ્યવસ્થિત માળખું ઊભું કર્યું છે. ગ્રામજનોને પ્રાથમિક આરોગ્ય સેવાઓ માટે દૂર સુધી જવું ન પડે તે હેતુથી ગામમાં આયુષ્માન આરોગ્ય મંદિર (પેટા આરોગ્ય કેન્દ્ર) કાર્યરત છે. અહીં નિયમિત આરોગ્ય તપાસ, રોગનિવારક સેવાઓ અને માતા-બાળ કલ્યાણની પ્રવૃત્તિઓ દ્વારા ગ્રામજનોના સ્વાસ્થ્યની જાળવણી માટે કામગીરી કરવામાં આવે છે.

દર મંગળવાર અને શુક્રવારે બીપી-ડાયાબિટીસ સહિતના રોગોનું સ્ક્રીનિંગ, બુધવારે મમતા દિવસે સગર્ભા મહિલાઓની તપાસ અને બાળકોનું નિયમિત રસીકરણ

આયુષ્માન આરોગ્ય મંદિરમાં દર મંગળવાર અને શુક્રવારે બીપી, ડાયાબિટીસ સહિતના બિનચેપી રોગો (NCD) માટે સ્ક્રીનિંગ કરવામાં આવે છે. સામાન્ય બીમારીઓની પ્રાથમિક સારવારની સાથે યોગ સત્રો યોજી લોકોને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ ઉપરાંત આંખ, કાન-નાક-ગળા (ENT) અને મુખ આરોગ્ય સંબંધિત પ્રાથમિક તપાસની સુવિધા પણ ઉપલબ્ધ છે. ગામમાં દર બુધવારે મમતા દિવસની ઉજવણી અંતર્ગત સગર્ભા મહિલાઓની આરોગ્ય તપાસ કરવામાં આવે છે. સાથે જ નવજાત શિશુઓ અને બાળકોને સમયાંતરે જરૂરી રસી આપવામાં આવે છે. આ કામગીરીથી માતા અને બાળકના સ્વાસ્થ્યની નિયમિત દેખરેખ રાખવામાં મદદ મળે છે. આરોગ્ય સેવાઓને ગ્રામ્ય સ્તરે વધુ સુલભ બનાવવા આશા બહેનો અને સ્ટાફ નર્સની સેવાઓ ઉપલબ્ધ છે. તાકીદની પરિસ્થિતિમાં એમ્બ્યુલન્સની સુવિધા પણ રાખવામાં આવી છે. વધુ સારવારની જરૂરિયાત ધરાવતા દર્દીઓને ચાર કિલોમીટર દૂર ચીખોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને દસ કિલોમીટર દૂર સારસા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રિફર કરવામાં આવે છે. ગામમાં જ ઉપલબ્ધ પ્રાથમિક આરોગ્ય સેવાઓ, નિયમિત રોગચકાસણી, માતા-બાળ કલ્યાણ અને કટોકટીની વ્યવસ્થાના સહારે વઘાસી ગામ જાહેર આરોગ્ય ક્ષેત્રે પણ સુવિધાસભર ગ્રામ્ય માળખું વિકસાવી રહ્યું છે.

